

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતિ વર્ષ)
કોરોનાને નાથવામાં હજુ દો ગજની દૂરી છે,
તૈયારી ના બણગાને મોઢે માસ્ક જરૂરી છે,
રાખે છે અંતર હજુ મહિનાઓનું 'રસી' માટે
સાવચેતી સાથે 'આત્મનિર્ભર' થવું જરૂરી છે...
(ગુજરાતને 'સુપ્રીમ' ઠપકો)

હાઈકુ

રાખ્યા વહેમે -
ખોટા ખોંખારા ખાઈ -
ફેલાવ્યો ચેપ!

ગ્યો મૂછે હાથ -
ને આવી ગઈ છીંક -
આવ્યો ઉથલો!!

(ફરી કોરોના બન્યો છે બેફામ)

### ચિંતન

**જ્ઞઃ સચિન્તઃ અપિ નિશ્ચન્તઃ સેન્દ્રિયઃ અપિ નિરિન્દ્રિયઃ ।**
**સબુદ્ધિઃ અપિ નિર્બુદ્ધિઃ સાહંકારઃ અનહંકૃતિઃ ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાની ચિંતાસહિત છતાં ચિંતારહિત છે, ઈન્દ્રિયો હોવા છતાં ઈન્દ્રિયરહિત છે, બુદ્ધિ હોવા છતાં બુદ્ધિ વિનાનો છે અને અહંકાર હોવા છતાં અહંમુક્ત છે.

અષ્ટાવક્ર અહીં કહે છે કે જ્ઞાનીને પણ ચિંતા હોવા છતાં એ ચિંતા કરતો નથી, નિશ્ચિંત રહે છે. દુનિયાને દૃષ્ટિએ જ્ઞાનીને ચિંતા હોય છે. જેમ કે અહીં. રાજાને રાજાપાટની, વહીવટની, પ્રજાકલ્યાણની, કુટુંબની, વગેરે ચિંતા હોય જ. પરંતુ એ એવી કોઈ ચિંતા મગજમાં રાખતા નથી. ઈશ્વરની મરજી મુજબ બધું થયા કરે છે, એમ કહી નિશ્ચિત રહે છે. અલબત્ત નિમિત્ત બનીને પોતે બધું જ કાર્ય કરે છે. જરૂર, પણ તે હળવાફુલ રહીને, બોજો રાખ્યા વિના, કારણ કે જ્યાં અહંભાવ છે, ત્યાં બોજે કે ચિંતા પણ છે.

એક સંતે કહ્યું છે કે મને પણ દુઃખ જરૂર થાય છતાં હું દુઃખી થતો નથી. ચિંતા પણ થાય છતાં ચિંતિત થતો નથી. શારીરિક દુઃખ કે કષ્ટ તો જ્ઞાનીને પણ થાય.

### સુવિચાર

- કુછ શિકાયતેં ભી બની રહેં તો બેહતર હે, ચાશની મેં ડૂબે રિશ્તે વફાદાર નહીં હોતે.... - **સંજીવ લાડ**
- સાચું શું છે એ જાણ્યા છતાંય, તે પ્રમાણે ન અનુસરવું એમાં કા તો જાણકારીનો અભાવ છે કાં તો હિમ્મતનો અભાવ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સુધારો કર્યા વગરનો પશ્ચાતાપ એવો છે કે જાણે છિદ્ર બંધ કર્યા વગર જહાજમાંથી પાણી કાઢવું - **ફુલછાબ**
- જે ઘડીએ તમને એમ લાગે કે દલીલમાં તમે અજેય છો અને તમારી ભૂલ કોઈ કાઢી શકે એમ નથી ત્યારે સમજવું કે તમે પણ મૂર્ખ છો - **ન્યુટન**
- મસ્તકમાં જ્ઞાન હશે પણ એને હૃદયમાં ન ઉતારો તો ક્રાંતિ ન કરી શકો - **મોરારિ બાપુ**
- 'સફળ' અને 'નિષ્ફળ' એ બંને ફળ જ છે - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : રાઈના તેલ સાથે કાંદાનો રસ મેળવીને માલિશ કરવાથી સંધિવાનો દુખાવો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વર્ષ ૨૦૧૦ની વાત છે. બેંગ્લોરમાં એક સૌભાગ્ય વેટ ગ્રાઈન્ડર નામની એક કંપની એ એક સેમિનારનું આયોજન કર્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે એ.પી. જે કલામ હતા. કંપની તરફથી ડૉ. કલામને એક ગ્રાઈન્ડર ભેટમાં આવ્યું. ડૉ. કલામે આ ગિફ્ટનો નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો. આયોજકોએ કલામ સાહેબને ગિફ્ટ સ્વીકારવા ખૂબ કર્યો. એ વખતે ડૉ. કલામે આનાકાની કર્યા વગર ગિફ્ટ સ્વીકારી લીધી. ઘરે આવ્યા પછી જે ગ્રાઈન્ડર મળ્યું હતું તેની બજાર કિંમત શું છે? તે જાણવા માટે તેમના સ્ટાફને પૂછ્યું. એકજણ બીજે દિવસે તે ગ્રાઈન્ડરની બજાર કિંમત જાણી લાવ્યો. એપીજે કલામે બજાર કિંમત ચાર હજાર આઠસો રૂપિયાનો એક કંપનીના નામે લખ્યો અને મોકલી આપ્યો. પોતાની અંગત બચતમાંથી લખી આપેલો એ ચેક કંપનીને વટાવવાની ઈચ્છા નહોતી. એટલે એમણે તે ચેક સાચવીને મૂકી દીધો. એક મહિના જેટલો સમય વિત્યો. ડૉ. કલામે જોયું કે પેલો ચેક એમના ખાતામાંથી ઉધારાયો ન હતો. આથી એમણે એમના સ્ટાફને સૂચના આપી કે કપંનીને કહી દો કે ચેક ડિપોઝીટ કરી દે. નહીંતર એમનું ગ્રાઈન્ડર એમને પરત આપી દો.' છેવટે કંપનીએ ડૉ. કલામના આગ્રહને માન આપી ચેક ડિપોઝીટ કરવો પડ્યો. ડૉ.કલામની નખ-શિખ પ્રામાણિકતાને વિનમ્ર વંદન.

# ભારતીય લોકશાહીને ફાઈવસ્ટાર કલ્ચર ન પોસાય

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતે દેશના ચરણે ધરેલા દિગ્ગજ નેતાઓમાં પણ અહમદ પટેલ નોખા-અનોખા તરી આવે છે. તમામ અનુકૂળતાઓ હોવા છતાં એમને ન તો કેન્દ્રનું પ્રધાનપદું સ્વીકાર્યુ કે ન ગુજરાતના મુખ્યમંત્રી બનવા તૈયાર થયા. કોંગ્રેસને ખિસ્સામાં રાખીને જીવ્યા અને મર્યા. એમના નિધન પર કોંગ્રેસના સર્વોચ્ચ નેતા સોનિયા ગાંધીએ જે શોકાંજલી આપી છે તે સૂચક છે. એ ન ભૂતો ન ભવિષ્યતિ પ્રકારના નેતા હતા જેની ખોટ સમગ્રયતા દેશના સમગ્ર રાજકારણને પણ સાલશે. એમના લગોલગ બલકે થોડા વધુ પ્રતિભાવંત મુસ્લિમ નેતા ગુલામનબી આઝાદને અત્યારે કોંગ્રેસે કોરાણે મૂકી દીધા છે. પોતે અહમદ પટેલ ન બની શકે - એવું કહીને એમને નહેરુ ગાંધી પરિવારની કદમપોસી જ પાર્ટીના કરુણ રકાસ માટે જવાબદાર હોવાનું આડકતરું આળ ચડાવી દીધું છે. રાજકારણમાં કોઈ ફક્ત સેવા કરતા નથી પડતું. એનું અંતિમ લક્ષ્ય તો સત્તા જ હોય છે. અહમદ પટેલે ભલે પ્રધાનપદું કે ઑફર મળવા છતાં ગુજરાતનું મુખ્યમંત્રીપદું ન સ્વીકાર્યું હોય પરંતુ એ આખી જિંદગી કોંગ્રેસના પડદા પાછળના બાદશાહ બનીને જ જીવ્યા છે. પ્રણવ મુખર્જી, નરસિંહ રાવ કે મનમોહનસિંહ પણ એમનાથી અંદરખાને ડરતા હતા એમ કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ થશે. રસપ્રદ સરખામણી કરવી હોય તો એમ કહી શકાય કે અહમદ પટેલ અને નરેન્દ્ર મોદી એક જ સિક્કાની બે બાજુ જેવા હતા. ગુજરાતની પ્રજા સરદાર પટેલ જેવા સંત કોટિનાના રાષ્ટ્રનાયક પેદા કરી શકે છે એમ આવા રાજકીય ખેલંદા પણ સરજી શકે છે! મોદીએ સીધી નેતાગીરી કરી. આખી પાર્ટીને ગજવે ઘાલી દીધી. અહમદ પટેલ માટે, ખાસ તો તેઓ મુસ્લિમ હોવાને લીધે સીધી નેતાગીરી શક્ય જ ન હતી. એટલે જે મહત્વાકાંક્ષા કાશ્મીરી મુસલમાન ગુલામનબી આઝાદ આજપર્યંત નથી છોડી શક્યા તે અહમદ પટેલે ઘણી વહેલી છોડી દઈ પાર્ટીના હાઈકમાંડ ગણાતા પરિવાર સાથે દૂધમાં સાકરની જેમ ભળી જઈને રૂપાંતરિત કરી દીધી હતી. સૌ જાણે છે કે ઈટાલિયન મૂળનાં મહિલાને ભારતીય સમાજજીવન કે રાજકારણ સાથે સ્નાનસૂતકનો સંબંધ નહોતો. ખુદ રાજીવ ગાંધી માટે વડાપ્રધાનપદું ઈંદિરા ગાંધીના અકાળ અવસાનથી આવી પડેલી જવાબદારી સમું હતું. આ હાઈ-ફાઈ રાજવંશી પરિવારને દેશની 'ગ્રાઉન્ડ રિયાલિટી' ના ખતખબર આપનારા તજજ્ઞોની તલાશ હતી. જનાર્દન દ્વિવેદી જેવા સંવેદનશીલ પ્રોફેસર, માખનલાલ ફોતેદાર જેવા વહીવટદાર અને આર.કે. ધવન જેવા આજ્ઞાંકિતો કરતાં અહમદ પટેલ વધુ જાણકાર હતા; વળી પાછા કોંગ્રેસની પ્રસ્થાપિત વોટબેંકના પ્રતિનિધિ હતા. ગુજરાત માટે 'ગાંધી' અટક સંકળાયેલી છે. ફિરોઝ ગાંધી ભરૂચના હતા અને ગુજરાતના ચૂંટણી પ્રચાર અર્થે માથે ઓઢીને આવતાં ત્યારે ઈંદિરાજી બહુ સલૂકાઈથી એ સગપદ યાદ કરતાં : 'મૈં ગુજરાત કી બહૂ હૂં!'- ભલે પછી બે બાળકો સાથે પતિને છોડીને પ્રતાપી પિતાની છત્રછાયામાં રહેવા ચાલ્યા ગયા હોય! અહમદ પટેલ ભરૂચનું પ્રતિનિધિત્વ કરતાં હતા, એથી સ્વાભાવિક રીતે જ એ પરિવાર સાથે પોતીકાપણાનો ભાવ જગાવી શક્યા હતા. એ સાચું કે અહમદ પટેલે પોતાના મતવિસ્તારનો અકલ્પનીય વિકાસ કર્યો છે. નર્મદા યોજના માટે પણ એમને હરહંમેશ ગુજરાતનો પક્ષ લીધો હતો. એમનો સૌમ્ય સ્વભાવ અને નાનામાં નાના માણસ સાથેનો વ્યવહાર કોઈ પણ રાજકીય પ્રતિનઈધિ માટે અનુકરણીય હતો. જોકે પોતે 'ડાઉન ટુ અર્થ' હોવા છતાં તેઓ કોંગ્રેસના 'ફાઈવસ્ટાર કલ્ચર'ને બદલી ન શક્યા. ગુલામનબી આઝાદે કોંગ્રેસના પતન પાછળ આ ફાઈવ સ્ટાર મેન્ટાલિટીને જ જવાબદાર ગણાવઈ છે અને એ મુદ્દે તેઓ સાચા પણ છે. ભારતીય જનતા પાર્ટી પણ સત્તા પર આવ્યા પછી એ જ રસ્તે વળી ગઈ છે એમ નથી લાગતું? શું વડાપ્રધાન મોદી પેલા સંઘકાળના પ્રચારક મોદી રહ્યા છે? ભારત જેવા લોકતંત્રને અહમદ પટેલની સાલસતા, વિચક્ષણતા, ગુલામનબી જેવી દૃષ્ટિ અને મોદીના પૂર્વાવતાર જેવી સાદગીની ત્રિવેદી જ તારી શકે.

# પિતામહના દિવસ પાંચ



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સૂરજ આથમવાની તૈયારીમાં હતો. કારતક સુદ દશમનો દિવસ હતો. પિતામહ ભીષ્મ ભાણ શય્યા ઉપર સૂતા હતા. શ્રીકૃષ્ણ એમની પાસે આવ્યા અને કહ્યું, 'યુધિષ્ઠિર તાજેતરમાં જ રાજા થયા છે; તમે એમને રાજધર્મનો ઉપદેશ આપો.' ભીષ્મે જવાબ આપ્યો, 'મારી ઈન્દ્રિયો ક્ષીણ થઈ ચૂકી છે. વિચારવાનું, બોલવાનું કેમ થશે? એના કરતા તમે પ્રજ્ઞાપુરુષ છો, તમે ઉપદેશ આપો.' શ્રીકૃષ્ણે વરદાનથી એમના મન-બુદ્ધિ-વાણી સહામ બનાવી દીધાં અને ઉમેર્યું - 'મારે તમારા યશને ચીરંજીવ કરવો છે.'

બીજે દિવસે સવારે શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિર ને બીજા પાંડવો આવ્યા. યુધિષ્ઠિર પ્રશ્ન પૂછતા જાય, ભીષ્મ ઉત્તર આપતા જાય. આ સંવાદ લાગલગાટ પાંચ દિવસ ચાલ્યો. આ પાંચ દિવસ 'ભીષ્મ પંચક' બની ગયા.

આમાં યુધિષ્ઠિરનો એક પ્રશ્ન આ હતો - 'રાજાએ પોતાનું આચરણ કેવું રાખવું જોઈએ?' ભીષ્મે આ માટે છત્રીસ લક્ષણો ગણાવ્યા :

(૧) શ્રદ્ધાપૂર્વક ધર્મનું પાલન કરવું
(૨) સૌ સાથે પ્રેમભર્યો વ્યવહાર કરવો. કટુતા ન રાખવી.
(૩) રાજય માટે સંપત્તિનો સંગ્રહ કરવો પણ એમાં ક્રૂરતા ન લાવવી.
(૪) વિષય સુખ ભોગવવામાં પણ મર્યાદા જાળવીને.
(૫) સૌ સાથે સંભારણ પ્રિય રાખવાનું પણ, દીનતા ન લાવવી.
(૬) પરાક્રમી થવાનું. પણ એનું અભિમાન નહીં રાખવું.
(૭) દાન આપતા રહેવાનું, પરંતુ કુપાત્રને નહિ આપવાનું.
(૮) વર્તનમાં સ્પષ્ટતા ખરી, પણ કઠોરતા નહીં.
(૯) દુષ્ટ માણસથી દૂર રહેવું.
(૧૦) સ્વજનો સાથે કલહ ન કરવો.
(૧૧) રાજયને વફાદાર ન હોય, એને દૂત ન બનાવવો.
(૧૨) પોતાની ફરજો બજાવવી પણ કોઈને કષ્ટ ન આપવું.
(૧૩) રાજકીય મંત્રણાથી દુષ્ટોને દૂર રાખવા.
(૧૪) પોતાના વખાણ જાતે ન કરવા.
(૧૫) સ્વજનોની સંપત્તિ સાચવવી.
(૧૬) હલકાં લોકોને આશરો ન આપવો.
(૧૭) ગુનેગારને સજા આપતાં પહેલાં પૂરતી તપાસ કરી લેવી.
(૧૮) રાજકીય મંત્રણાઓ ખાનગી રાખવી.
(૧૯) લોભિયાઓને કશું ન આપવું.
(૨૦) જેણે કોઈને હાનિ પહોંચાડી હોય, એના ઉપર વિશ્વાસ ન કરવો.
(૨૧) કોઈ પણ સંજોગોમાં સ્ત્રીઓની હંમેશા સુરક્ષા કરવી.
(૨૨) કોઈનો પણ તિરસ્કાર ન કરવો.
(૨૩) ભોજન સ્વાદિષ્ટ હોય, પરંતુ શરીર ને માફક ન હોય, તો તે ન લેવું.
(૨૪) સ્ત્રીઓમાં વધુ પડતી આસક્તિ ન રાખવી.
(૨૫) વડીલોની વિનમ્રતાથી સેવા કરવી.
(૨૬) ગુરુની નિઃસ્વાર્થ ભાવે સેવા કરવી.
(૨૭) ધાર્મિક વિધિઓમાં દંભ ન કરવો.
(૨૮) સંપત્તિ પ્રામાણિકતા જાળવીને મેળવવી.
(૨૯) વડીલોની સ્નેહથી સેવા કરવી.
(૩૦) પોતાની કાર્યકુશળતાનો યોગ્ય ઉપયોગ કરવો.
(૩૧) મધુર સંભારણ ખરું, પણ સ્વાર્થ માટે નહિ.
(૩૨) વિચારીને, કોઈની ઉપર આક્ષેપ કરવો.
(૩૩) જાણ્યા સમજ્યા વગર કોઈની ઉપર પ્રહાર ન કરવો.
(૩૪) શત્રુનો વધુ કરી નાખ્યા પછી એના ઉપર શોક ન કરવો.
(૩૫) ઓચિંતો ન વગર વિચાર્યે કોઈના પર ક્રોધ ન કરવો.
(૩૬) કોઈ પોતાની સાથે દુષ્ટતા આચરે, તો એનો નિર્દયતાથી પ્રતિકાર કરવો.

# સોલંકી વંશનો સૌથી પ્રતાપી અને લોકપ્રિય શાસક કોણ હતો?



**ખજાનો**
અનિલ પટેલ

## ગુજરાતનો ઈતિહાસ

૧ સોલંકી વંશનો સૌથી પ્રતાપી અને લોકપ્રિય શાસક કોણ હતો ?
(અ) સિદ્ધરાજ જયસિંહ (બ) ભીમદેવ પહેલો
(ક) ભીમદેવ બીજો (ડ) મૂળરાજ સોલંકી

૨ મૈત્રક શાસકોની રાજધાની કઈ હતી ?
(અ) પાટણ (બ) વલભી
(ક) જૂનાગઢ (ડ) ખંભાત

૩ જૂનાગઢ અને પાવાગઢ કયા મોંગલ શાસકે જીત્યા હતા ?
(અ) અલાઉદ્દીન ખીલજીએ (બ) અહમદ શાહે
(ક) મુઝફ્ફરશાહ બીજાએ (ડ) મહમૂદ બેગડાએ

૪ મહમૂદ બેગડાએ કયા બે શહેરો વસાવ્યાં હતા ?
(અ) અમદાવાદ - ચાંપાનેર (બ) મહેમદાબાદ - ડભોઈ
(ક) ચાંપાનેર એન મહેમદાબાદ (ડ) ચાંપાનેર - ડભોઈ

૫ અમદાવાદનું જાણીતું કાંકરિયા તળાવ કોણે બંધાવ્યું હતું ?
(અ) હુમાયુએ (બ) કુત્બુદીન શાહે
(ક) જહાંગીરે (ડ) અહમદ શાહે

૬ અંગ્રેજોએ તેમની પહેલી કોઠી કયાં સ્થાયી હતી?
(અ) સુરત (બ) દમણ
(ક) દાંડી (ડ) ચોરવાડ

૭ ગુજરાતમાં પેશવાઓનું શાસન કયાં વિસ્તારમાં હતું ?
(અ) સૌરાષ્ટ્ર (બ) મહા નદીથી ઉત્તરનો પ્રદેશ
(ક) કચ્છ વિસ્તાર (ડ) કાનમ પ્રદેશ

૮ ગુજરાતમાં ગાયકવાડ મરાઠા શાસન કયાં વિસ્તારમાં હતું?
(અ) મહી નદીથી દક્ષિણનો પ્રદેશ (બ) સાબરમતીથી પૂર્વનો પ્રદેશ
(ક) મહી નદીથી ઉત્તરનો પ્રદેશ (ડ) સાબરમતીથી પશ્ચિમનો પ્રદેશ

૯ રણછોડલાલ છોટાલાલ શાહે ગુજરાતમાં કયા ઉદ્યોગની સ્થાપના કરી હતી ?
(અ) લોખંડ ઉદ્યોગ (બ) કાપડ ઉદ્યોગ
(ક) હિરા ઉદ્યોગ (ડ) ડેરી ઉદ્યોગ

૧૦ અમદાવાદમાં પ્રથમ કાપડની મીલ કઈ સાલમાં શરૂ થઈ?
(અ) ૧૮૫૭ (બ) ૧૮૬૧
(ક) ૧૯૭૦ (ડ) ૧૯૭૫

૧૧ ગુજરાતના કયા નેતા 'ડુંગળી ચોર' તરીકે ઓળખાતા હતા ?
(અ) શાંતિલાલ ઝવેરી (બ) બબલદાસ મહેતા
(ક) મોહનલાલ પંડ્યા (ડ) મગનભાઈ પટેલ

૧૨ અમાદાવાદમાં મજૂર મહાજનની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ૧૯૧૫ (બ) ૧૯૨૦
(ક) ૧૯૨૨ (ડ) ૧૯૨૫

૧૩ 'વનસ્પતિની દવાઓ' અને 'યદુકુળનો ઈતિરાસ'ના નામે પુસ્તકો પ્રગટ કરી તેમાં બોમ્બ બનાવવાની રીતો દર્શાવનાર ક્રાંતિકારી નેતા કોણ હતા ?
(અ) નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ (બ) અરવિંદ ઘોષ
(ક) મગનભાઈ પટેલ (ડ) સરદારસિંહ રાણા

૧૪ ઈ.સ. ૧૮૫૦માં એન્ડ્રુઝ લાયબ્રેરીની સ્થાપના કયા સ્થળે થઈ હતી?
(અ) વડોદરા (બ) અમદાવાદ
(ક) ભાવનગર (ડ) સુરત

૧૫ હુમાયુએ અમદાવાદ ખટ કેટલો સમય શાસન કર્યુ ?
(અ) નવ વાસ (બ) ૧૨ માસ
(ક) ૧૮ માસ (ડ) ૨૪ માસ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૭ નવેમ્બર :
  - મહારાષ્ટ્રના આધ્ય સમાજ સુધારક જયોતિરાવ ફુલેનું નિધન (૧૮૯૦)
  - ઉત્તમ ગીતકાર રમેશ પારેખનો જન્મદિવસ (૧૯૪૦)
  - કવિ દામોદર ખુ. બોટાદકરનો જન્મદિવસ (૧૮૭૦)
  - અમેરિકન અંતરિક્ષયાન ડીસ્કવરી-૧ ધરતી પર પરત ફર્યુ.
- ૨૮ નવેમ્બર :
  - કવિ કરશનદાસ માણેક વૈશંપાયનની જન્મજયંતિ (૧૯૦૧)
  - પ્રબોધ જોષીનો જન્મદિવસ (૧૯૨૬)
  - પૂર્વ વડાપ્રધાન આઈકે ગુજરાતે વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું (૧૯૯૭)
  - આધ્યાત્મિક સંત કાનજી સ્વામીનું નિધન (૧૯૮૦)
- ૨૯ નવેમ્બર :
  - સાહિત્યકાર કુતુબ અબ્દુલ હુસેન 'આઝાદ'નો જન્મદિવસ (૧૯૨૨)
  - યુગોસ્લાવીયા દેશ સ્વતંત્ર થયો (૧૯૫૪)
  - સેવાના સાગર એવા અમૃતલાલ ઠક્કર 'ઠક્કરબાપા'નો જન્મદિવસ (૧૮૬૯)
  - આઈપીએલના સર્જક લલીત મોદીનો જન્મદિવસ (૧૯૬૫)
- ૩૦ નવેમ્બર :
  - ઉદ્યોગપતિ વિઠ્ઠલદાસ ઠાકરસીની જયંતિ (૧૮૭૩)
  - બ્રિટનના વિન્સન્ટ ચર્ચીલનો જન્મદિવસ (૧૮૭૪)
  - ઈંગ્લેન્ડ પછી વિશ્વમાં ત્રીજા દેશ ઓસ્ટ્રેલિયાએ રેલવે લાઈન શરૂ કરી (૧૮૨૮)
  - મહારાષ્ટ્રના નારાયણ ગાંવમાં વિશ્વના સૌથી મોટા મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ શરૂ કરવામાં આવ્યું (૧૯૯૯)
- ૧ ડિસેમ્બર : વિશ્વ એઈડઝ દિન / સીમા સુરક્ષા સ્થાપના દિન
  - બેનઝીર ભુટ્ટો પાકિસ્તાનના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા (૧૯૮૮)
  - વિજયાલક્ષ્મી પંડિતનું નિધન (૧૯૯૦)
  - નાગાલેન્ડ ભારતના રાજયોમાં સામેલ થયું. (૧૯૬૨)
  - ભાવનગરના ઘડવૈયા ગૌરીશંકર ઉદયશંકર ઓઝા 'ગગા ઓઝા'નું નિધન (૧૮૯૧)
- ૨ ડિસેમ્બર : પ્રદૂષણ નિવારણ દિવસ/ વિશ્વ કમ્પ્યુટર સાક્ષરતા દિવસ
  - 'જીસસ સેવક સમાજ' ના સાત સભ્યોમાંના એક સંત ફ્રાન્સિસ ઝેવિયર્સનું નિધન (૧૫૫૨)
  - વિશ્વનું પ્રથમ કૃત્રિમ હૃદય પ્રત્યારોપણ અમેરિકામાં થયું (૧૯૮૨)
  - પ્રથમ ડિસ્પોઝેબલ રેઝરનું પ્રથમવાર પેટન થયા (૧૮૦૧)
  - ભોપાલ ગેસ દુર્ઘટનામાં ૧૫૦૦૦ લોકોના મોત થયા (૧૯૮૪)
- ૩ ડિસેમ્બર : આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ
  - અગ્રણી વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દ્રજીનું નિધન (૧૯૨૯)
  - ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની શરૂઆત થઈ (૧૯૭૧)
  - નંદલાલ બોઝનો જન્મદિવસ (૧૮૮૩)
  - રમણલાલ ચી શાહનો જન્મદિવસ (૧૯૨૬)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

મુસ્લિમ રાજકીય આગેવાન ઔવેસીની રાજકીય પાર્ટીનું નામ શું છે?
જવાબ : ઓલ ઈન્ડિયા મજલીસે ઈતહદ્દુલ મુસ્લીમીન (એઆઈએમઆઈએમ)

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) રાજેશ આર રાવલ : સે-૧૨ (૨) ધવલ પટેલ : સે-૭ (૩) ઋજિત રાવલ : સે-૭ડી (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) હાર્દિક આર મકવાણા : સે-૨૪ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સા કૉલેજ

**આ સપ્તાહનો સવાલ**

ગુજરાત કોંગ્રેસના કયા દિગ્ગજ નેતાનું તાજેતરમાં અવસાન થયું?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શિયાળાની નરમ-ગરમ વાત



**હળવે હૈયે**
પ્રકાશ લાલા

દુઃખ આવી પડે ત્યારે આશ્વાસન આપતા કહેવાય છે કે દરેક સિક્કાની બે બાજુઓ હોય છે... સુખ-દુઃખ, તડકો-છાંયો... તકલીફ જશે ને સુખ આવશે...

ધીરે ધીરે પગદંડો જમાવી રહેલા શિયાળાની પણ બે બાજુ છે.... ગરમીથી રાહત - ગુલામી ઠંડીની મજા. અને ઠંડી વધવા સાથે કોરોના વાયરસ હજી વકરશે એવી વ્યક્ત કરાઈ રહેલી દહેશતથી થતો ફફડાટ. આમાં પણ ધીરજ ધરી, આશા રાખીએ કે કોરોનાના દુઃખ વાળી સાઈડ ઝટ બદલાય અને પૂર્વવત નોર્મલ પરિસ્થિતિના સુખનો સૂરજ જોવા મળે !!

બાકી હમણાં તો સ્વેટર, જાકીટ, માથે ટોપી, ગળે મફલર સાથે મોં ઉપર લટકામાં માસ્કને આ શિયાળાની નવતર ભેટ ગણીને સતર્કતા અને ઉત્સાહ સાથે જીવવાનું છે યાને કે શિયાળાનાં લીલાં શાકભાજી ખાવાનાં છે....

શિયાળાનાં વિવિધ, લીલોતરી શાક ને ભાજી ભરેલી લારીઓ જોઈને અરે 'મેથી-પાલક લઈ લો.... લીલી હળદર - આદુ લઈ લો.. ટામેટાં - કોબી લઈ લો....'

એવા સાદ સાંભળીને આપણા પ્રસિદ્ધ કવિ સ્વ. હસિત બૂચની કાવ્ય પંક્તિઓ અચૂક યાદ આવે જ :

'શિયાળે દરબાર ભર્યો છે,
સૌને તેડું આવ્યું છે...
તાજાંમાજાં રીંગણ મહાલ્યાં,
રોફ મારતાં કોબીજ ચાલ્યાં,
લાલ ટમેટાં ફક્કડ ફાલ્યાં,
ખિલખિલ કરતાં ફલાવર હાલ્યાં.'

શિયાળા વિશે બાળપણમાં સાંભળેલી બીજી પણ પંક્તિઓ સાંભરે છે :

'શિયાળે શીતલ વા વાય,
પાન ખરે, ઘઉં પેદા થાય...'

સાવ સાચી વાત છે ને! સસ્તાં, ભરપૂર લીલાં શાક ખાવાની તક આ ઋતુ જ આપણને આપે છે. શિયાળઆની મૌસમની આ તો મજાછે. સલાડમાં બીટ, કોબિજ, મૂળા - મોગરી, ટામેટાં, લીલી હળદર.. અને ટામેટાં તથા મિક્સ વેજીટેબલ્સનો કે પછી પાલકની ભાજીનો ગરમ સૂપ.... અહા...હા.. ગરમાગરમ રોટલા માથે ઘી-ગોળ અને લીલું લસણનું ભોજન શિયાળામાં જ શક્ય છે ને!

અરે ભાઈ, રીંગણ - મેથીનું થાક, રીંગણનો ઓળો, ઊંધિયું, લીલી હળદરનું શાક કે તમતમાટ તુવેર ટોઢા... આ લિજ્જત ભર્યા ખાણાની સવલત શિયાળો જ કરી આપે છે ને...!!

જીભના ચટાકા સાથે લીલા-કાચાં શાકભાજીમાંથી શરીરને જરૂરી પોષક તત્ત્વો મળી રહે છે અને હાલ 'કોરોના' માં ખાસ જરૂરી ઈમ્યુનિટી - રોગ પ્રતિકારક શક્તિ 'બૂસ્ટ અપ' થાય છે... આ થઈ ઠંડીની મૌસમની સિક્કાની બીજી બાજુ...

અલબત્ત, જીભના સ્વાદ પામતાં પહેલાં, પોષક સત્ત્વો - તત્ત્વોનો લાભ પ્રાપ્ત કરવા ભારે ઉદ્યમ કરવો પડતો હોય છે. કચોરી કે ઉંધિયું ખાવા તુવેરો - પાપડી ફોલવાની, મેથી-પાલક ચૂંટવાની, લીલી હળદર - આદુ - લીલું લસણ સાફ કરીને સુધારવાના, આંબળાનો રસ પીવો એના કટકા કરી ક્રશ કરવાની મહેનત તો કરવી જ પડે ને, ભાઈ.... બપોરે તડકો ખાતાં ખાતાં કે રાત્રે ટી.વી. જોતાં જોતાં પરિવારના સભ્યો સાથે મળી આ બધું કરે એનો આનંદ પણ પછી મળનારા સ્વાદિષ્ટ ભોજન જેવો જ હોય છે એ તો જેણે લૂંટ્યો હોય એ જ જાણે!

આ મોટા ફાયદા સાથે શિયાળાની એક તકલીફનીય વાત કરી લઈએ... શિયાળામાં રાત્રે ગરમી-ઉકળાટના કારણે મોડે સુધી નિંદર ના આવતાં સવારે વહેલા ઊઠવાનું નથી હોતું.... તો શિયાળામાં સવારે રજાઈ - ગાદલાની હૂંફ છોડવી ના ગમતાં વહેલાં ઊઠવાનું આકરું થઈ જાય છે... પણ જો શિયાળાનો કુમળો તડકો ખાઈ મફતમાં વિટામીન 'ડી' મેળવવું હોય તો મન મક્કમ કરીને ઊઠવું તો પડે જ... તો આ શિયાળે, કોરોનાના કહેર વચ્ચે, જાતને જાળવીને, આપણે લીલાં શાકભાજી ને વિટામીન 'ડી'નો લાભ લેતા રહીએ એ માટે સાજા-નરવા રાખે એવી પ્રભુને મહેર રહે માટે પ્રાર્થના...

●●●

ઘણાં ઘરમાંય માસ્ક પહેરીને રાખે છે તો ઘણા ભરચક ભીડમાં ય વગર માસ્કે મોજથી ટહેલતાં હોય છે... આને લૅક ઓફ કોન્ફીડન્સ અને ઑવર કોન્ફીડન્સના કેસ ગણીશું...?

ઘણા બીજાની ભૂલોમાંથી બોધપાઠ લઈ લેતા હોય છે... ઘણા પોતાની એકની એક ભૂલમાંથી ય કશું શીખતા નથી... આને શું ડહાપણ ને દોઢ ડહાપણ કે ડહાપણ ને મૂર્ખતા કહીશું...??

આવા પાછા એકથી એક ભૂલ વારંવાર કરનાર, ભૂલ થતાં જ કહેવત બોલી નાખે છે : 'માણસ માત્ર ભૂલને પાત્ર...' એમને કોણ સમજાવે કે એક ભૂલ કરનાર માટે આ કહેવત બરાબર છે.... બાકી તમારા જેવા માટે તો કહેવું પડે : 'તુમ કબ સુધરોગેં ? તોબા તમારાથી...'